ભા.જ.પ. અનુસૂચિત જાતિ મોરચા દ્વારા આંબેડકર યાત્રા અનુસંધાને જાહેર સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકર સન્માન યાત્રાની વીર મહામાયાની માયા ટેકરી, પાટણ ખાતેથી શરૂઆત કરવામાં આવી છે. આ યાત્રાને ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરૂષોત્તમ રૂપાલાએ પ્રસ્થાન કરાવ્યું હતું. આ યાત્રા તા. ૨૦મીના રોજ વાવોલ ખાતેથી ગાંધીનગરમાં પ્રવેશી હતી અને સે. ૨૪ ખાતે આ યાત્રાના અનુસંધાને જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડૉ. બાબાસાહેબ આંબેડકર સન્માન યાત્રા નિમિત્તે યોજાયેલી જાહેર સભાના સ્વાગત પ્રવચનમાં મહાનગરના અધ્યક્ષ ઋચિરભાઈ ભટ્ટે જાહેર સભામાં મંત્રી ફકીરભાઈ વાઘેલા, અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડૉ. જીવરાજ ચૌહાણ, ગાંધીનગર મહાનગર અધ્યક્ષ ઋચિરભાઈ ભટ્ટ, બેચરસ્વામિ અતિ પછાત જાતિ વિકાસ નિગમના અધ્યક્ષ પૂનમભાઈ મકવાણા, યાત્રાના ઈન્ચાર્જ મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ ભદ્રેશભાઈ મકવાણા, મોરચાના પ્રદેશ મંત્રીઓ ચંદનભાઈ રાણા, પ્રહલાદભાઈ પરમાર, ગાંધીનગરના હોદ્દેદારો, અનુસૂચિત જાતિ મોરચાના ગાંધીનગર મહાનગરના અધ્યક્ષ ડૉ. નીતિનભાઈ અનજાન, કોર્પોરેટર્સ તથા મહાનુભાવોનું સ્વાગત પ્રવચન સાથે આવકારી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી યાત્રાને સન્માનિત કરી સર્વેનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે આમંત્રિતોએ જણાવ્યું હતુ કે સુરેન્દ્રનગર ખાતે હાથીની અંબાડી પર બંધારણના ગ્રંથને બિરાજમાન કરીને બંધારણની સન્માનયાત્રા કાઢી સન્માનીત કરી તથા કેબિનેટમાં બે દલિત સમાજના પ્રતિનિધિઓને કેબિનેટ મિનિસ્ટરનો દરજ્જો આપ્યો અને ભારતીય પરંપરા મુજબ મુખ્યમંત્રી શ્રી નિવાસમાં કળશ મૂકવાની વિધિ એક દલિત કન્યાના હાથે કરાવી દલિત સમાજનું સન્માન કર્યુ છે. મુખ્યમંત્રીએ રાજ્યના શિક્ષણધામોમાં ઓ.બી.સી. એસ.ટી. અને એસ.સી. સમાજના છાત્રાલયો સ્થાપવા માટે ૧૦૦ કરોડની સહાયની જાહેરાત કરી છે. આ ઉપરાંત રાજ્ય સરકારે ૪૨ યોજનાઓમાં બી.પી.એલ.નું ધોરણ કાઢી ગામડાઓમાં ૨૭ હજાર તથા શહેરી વિસ્તારોમાં ૩૬ હજારનું ધોરણ નક્કી કરવામાં આવ્યું છે. તેમ જણાવ્યું હતુ. આભારવિધિ વોર્ડ નં. ૫ ના કોર્પોરેટર સંદિપભાઈ જ્યોતિકરે કરી હતી.

ચ-૩ સર્કલ નજીક બી.એસ.એન.એલ. કર્મચારીનું ફરજ દરમ્યાન મોત

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર ચ-૩ સર્કલ નજીક ચાલી રહેલા ખોદકામ દરમિયાન ફરજ બાજાવતા બી.એસ.એન. એલ.ના કર્મચારીને એકાએક ચક્કર આવતા માર્ગ પર પટકાયા હતા અને સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. આ મામલે સેક્ટર-૭ પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર શહેરના મુખ્યમાર્ગ પૈકી ચ-માર્ગ પર ચ-૩ સર્કલ પાસે છેલ્લા ઘણા દિવસોથી ખોદકામ ચાલી રહ્યું છે. જ્યાં જમીનમાં દટાયેલી બી.એસ.એન. એલ.ની લાઈન કપાઈ ન જાય તે માટે બી.એસ.એન.એલ.ના કર્મચારી પણ દેખરેખ રાખી રહ્યા હતા ત્યારે આજે સાંજે બી.એસ.એન.એલ.માં ફરજ બજાવતા વસંતરાવ પાંડુરંગ મોહિતે ઉં.વ. ૫૭ (રહે. સી-૧૧ અશ્વમેધ રોહાઉસ ચાંદખેડા) ચ-૩ સર્કલ પર પોતાના કામ પર હાજર હતા. દરમિયાન તેમને એકાએક ચક્કર આવતા તેઓ જમીન પર પટકાયા હતા. જેથી તાત્કાલિક અન્ય સહકર્મીની મદદ લી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. આ અંગે સેક્ટર-૭ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સરકારી વિનયન કોલેજ સે. ૧ પની નેક ટીમ મુલાકાત લેશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૧ પમાં આવેલી સરકારી વિનયન કોલેજની તા. ૨ ૩મી ઓગષ્ટ-૨૦૧૨ થી ૨ ૫મી ઓગષ્ટ દરમિયાન નેક ટીમ મુલાકાત લેશે અને સંસ્થાની કામગીરીની ગુણવત્તા ચકાસી મૂલ્યાંકન કરશે.

ગાંધીનગરની સરકારી વિનયન કોલેજમાં રાષ્ટ્રીય પ્રત્યાયન અને મૂલ્યાંકન પરિષદની પીયર ટીમ ત્રણ દિવસની મુલાકાત લેશે. આ કામગીરી ગુણવત્તા મૂલ્યાંકન અને શૈક્ષણિક સંસ્થાઓની વિશ્વસનીયતાને જાળવી રાખવાના ભાગરૂપે માનવ સંસાધન મંત્રાલયના માર્ગદર્શન મુજબ કરવામાં આવે છે.

ભા.જ.પ. અનુસૂચિત જાતિ મોરચા દ્વારા આંબેડકર સન્માન યાત્રા આરંભાઈ

ગાંધીનગર, તા. ૨૧

ભારતીય જનતા પાર્ટી અનુસૂચિત જાતિ મોરચા દ્વારા આયોજીત ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની સન્માન યાત્રાની શુભ શરૂઆત પાટણ ખાતે બે હજાર લોકોની વિશાળ જનમેદની વચ્ચે થઈ હતી.

ડૉ. બાબાસાહેબ આંબેડકર સન્માનયાત્રા પાટણ ખાતેથી શરૂ થઈ ઊંઝા, સિદ્ધપુર, ખેરાલુ થઈ વડનગર અને પછી ઈડર સુધી પહોંચી છે. રાષ્ટ્રીય ઉપપ્રમુખ રૂપાલાજીએ ભા.જ.પા. અનુસૂચિત જાતિ મોરચા આયોજીત ડૉ. આંબેડકર સન્માનયાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે મંત્રી રમણલાલ વોરા, ડૉ. જીવરાજ ચૌહાણ, નાથુભાઈ સોરા, કિરીટભાઈ સોલંકી, રતિલાલ વર્મા, પૂનમભાઈ મકવાણા, શંકરભાઈ ચૌધરી, નટુજી ઠાકોર, શંભુનાથ ટુન્ડીયા, કાનાજી ઠાકોર, દશરથ ઠાકોર, કે.સી. પટેલ અને મણીલાલ પરમાર વગેરે આગેવાનો ખાસ હાજર રહ્યા હતા અને ભા.જ.પ. સરકારે કરેલા વિકાસના કામોથી સૌને માહિતગાર કર્યા હતા. ઊંઝા, સિદ્ધપુર, ખેરાલુ, વડનગર, ઈડરમાં ભા.જ.પા.ના કાર્યકર્તાઓ અને વિશાળ જનમેદની સાથે યાત્રાનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ડૉ. આંબેડકરજી સન્માન યાત્રા પાટણથી શરૂ થઈ ઉંઝા, સિદ્ધપુર, ખેરાલુ, વડનગર, ઈડર ખાતે કુલ ૧૪૮ કિ.મી.નો પ્રવાસ કર્યો છે.

સરકારી મધ્યસ્થ પ્રેસમાં વિકલાંગ કર્મચારી પર હુમલો

ગાંધીનગર, તા. ૨૧

સે. ૨૯ સ્થિત સરકારી મધ્યસ્થ પ્રેસ સર્કલમાં કાર્યરત લેખન સામગ્રી ભંડારમાં ફરજ પર હાજર સિનિયર ક્લાર્કને મહિલા સહ કર્મચારી તેમજ તેના પતિએ કચેરીમાં જ ઢોર માર મારી બેભાન કરી દીધા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. વિકલાંગ તથા અનુસૂચિત જાતિના (દલિત) કર્મચારી વિઠ્ઠલભાઈ સોલંકી સાથે કચેરીમાં ટાઈપીસ્ટ તરીકે ફરજ બજાવતા કલ્પનાબેન પટેલે સાફ-સફાઈ કરવાના મામલે બોલાચાલી કરી હતી. આ વેળાએ મહિલા કર્મચારીએ તેમના પતિને સ્થળ પર બોલાવ્યા હતા. ત્યારબાદ પતિ-પત્નીએ ભેગા મળી વિકલાંગ કર્મચારીને ઢોર માર માર્યો હતો. મહિલા ટાઈપીસ્ટના પતિ કેયુર પટેલે વિકલાંગ કર્મચારીને જાતિ વિરોધી સબ્દો બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનું પણ ભોગ બનનાર વિઠ્ઠલભાઈએ જણાવ્યું છે. આ મામલે બન્ને વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા પણ જિલ્લા પોલીસ અધિક્ષકને રજૂઆત કરી છે.

ગાંધીનગર માજી સૈનિક કલ્યાણ મંડળની ૨૬મી ઓગસ્ટે સામાન્ય સભા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર માજી સૈનિક કલ્યાણ મંડળની સામાન્ય સભાનું આયોજન તા. ૨૬મી ઓગસ્ટે બપોરના ૩.૦૦ કલાકે કરવામાં આવેલ છે. મીટીંગ બ્લોક નં. ૧૪૬/૪, ધ સાડાચાર બસ સ્ટેન્ડની પાછળ, કચ્છ કાડિવાડ રાજપુત સેવા સમાજની ઓફિસ, સેક્ટર-૧૭માં યોજાશે. મીટીંગમાં મ્યુનિસિપલ ટેક્ષ, મંડળના રજત જંયતીવર્ષ કેન્ટીન સર્વિસમાં પડતી મુશ્કેલી વિશે ચર્ચા થશે. દિવગંત સૈનિકોનાં ધર્મપત્નિઓને હાજર રહેવા તેમને પણ જાણ કરવામાં આવે છે.

બ્લોક લેવલ બેંકર્સ કમિટિ સાથે ફાર્મસ કલબની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

નાબાર્ડ અને લીડ બેંક-દેના બેંક અંતર્ગત ગાંધીનગર તાલુકાની બ્લોક લેવલ બેંકર્સ કમિટીની બેઠક તાજેતરમાં સોનમાતા મંદિર વડોદરા મુકામે યોજાઈ હતી. જેમાં તાલુકાના વિવિધ બેંકોના બ્રાંચ મેનેજરો, ફાર્મસ કલબના હોદ્દેદારો તથા સરકારની વિવિધ એજન્સીઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતાં.

આ બેઠકમાં લીડ ડીરેકટર મેનેજર એ.પી. પુરોહીત દ્વારા સર્વિસ એટીએમ કેડીટ પ્લાન (SACP) ૨૦૧૨-૧૩માં પ્રથમ જૂન-૧૨ સુધીમાં બેંકોએ કરેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી જયારે નાબાર્ડના ડી.ડી.એમ. દ્વારા ફાર્મસ કલબ દ્વારા બેંકોને શું ફાયદા છે તથા ખેડૂતો કઈ રીતે કલબ દ્વારા ફાયદા મેળવી વિકાસ કરી શકે તેની વિશેષ માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત રીજીયોનલ મેનેજર એમ.એમ. શાહે ખેડૂતોને કિસાન ક્રેડીડ કાર્ડ જેવી વિવિધ માહિતી આપી હતી. આ પ્રસંગે દિનાજી સોમાજી ઠાકોર, ધુળાજી ઠાકોર, ભરતસિંહ ઠાકોર, ફતેજી ઠાકોર વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

અધિક માસ નિમિત્તે ગાંધીનગરના સેક્ટર-૨ ૩ ખાતે આવેલા જ્યોતિશ્વર મહાદેવ ખાતે ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કથા સાંભળવા ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

વસાહત મહામંડળ સે-૨૭ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમ સંદર્ભે મહારાણા પ્રતાપ વિદ્યામંદિર સેકટર-૨૭ ખાતે વન વિભાગ અને વસાહત મહામંડળના સંયુકત ઉપક્રમે વૃક્ષારોપણનો કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

વન વિભાગ તરફથી મહારાણા પ્રતાપ વિદ્યામંદિરમાં છોડવાઓ પૂરા પાડવામાં આવ્યા હતા. આ પ્રસંગે વન વિભાગના અધિકારીઓ તથા સેકટર-૨૭ વસાહત મહામંડળના પ્રમુખ જયંતિભાઈ, ઉપપ્રમુખ કે.પી. પરમાર તથા અન્ય પદાધિકારીઓ કમલેશ પટેલ, પી.જે. રાઠોડ વગેરે તેમજ હાઈસ્કૂલના આચાર્યા માલતીબેન ભટ્ટ અને અન્ય કર્મચારી ગણે હાજરી આપી વૃક્ષારોપણ કર્યું હતું. શાળાના આચાર્યાએ આ પ્રસંગે બાળકોને વૃક્ષ ઉછેર અને તેની માવજત કરવાની સમજૂતી આપી હતી.

વનશ્રી ટ્રસ્ટ દ્વારા સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં વૃક્ષારોપણ યોજાયું

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સેક્ટર-૮માં આવેલી સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં વનશ્રી ટ્રસ્ટ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. બાળકો વૃક્ષોનું મહત્વ સમજે અને પર્યાવરણની અસમતુલાને જાળવવા વૃક્ષોની માવજત કરે તે માટે ચેરમેન ચૈતન્ય નિમાવત, શાળાના આચાર્ય અને અંજના નિમાવત દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહાવીર નિમાવત, સરોજબેન અને દર્શિત પુરોહિતે કર્યુ હતું.

અનુવાદિત પુસ્તક મેળો ૨૨ થી ૨૬ ઓગષ્ટ દરમિયાન યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

અનુવાદ પ્રતિષ્ઠાન, ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે અનુવાદિત પુસ્તક મેળાનું ૨ ૨મી ઓગષ્ટથી ૨ ૬મી ઓગષ્ટ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે.

અનુવાદિત પુસ્તક મેળો સંગ્રહાલય, ગ્રંથાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે ૨ ૨ થી ૨ ૪મી ઓગષ્ટ દરમિયાન બપોરે ૨ થી ૮ કલાક અને તા. ૨ ૫ થી ૨ ૬ ઓગષ્ટ સવારે ૧૦ થી ૮ કલાક દરમિયાન સુદર્શનભાઈ આયંગાર, હર્ષદભાઈ ત્રિવેદી અને નારાયણભાઈ દેસાઈ, અસિતભાઈ વોરાના અધ્યક્ષસ્થાને યોજાશે. અતિથિ વિશેષ તરીકે ઈલાબહેન ભટ્ટ અને ભાગ્યેશભાઈ જહા ખાસ ઉપસ્થિત રહેશે.

ઉવારસદમાં વિકલાંગ રોજગારી ભરતી મેળો યોજાયો

ગાંધીનગર, તા.૨૧

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ પ્રસંગે વિકલાંગ ઉમેદવારો માટે ઔદ્યોગિક રોજગારી ભરતીમેળો સદવિચાર પરિવાર સંચાલિત હીરાલક્ષ્મી ભીખાલાલ બેન્કર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉવારસદ ખાતે શ્રમ રોજગાર વિભઆગ તેમજ ઔદ્યોગિક એકમોના ઉપક્રમે યોજાયો હતો.

ભરતીમેળામાં ગાંધીનગર જિલ્લાના વિકલાંગ ભાઈ-બહેનોહાજર રહ્યા હતા. વિવિધ ઔદ્યોગિક એકમોને વિકલાંગોને વધુ સંખ્યામાં રોજગારી આપવાની ખાત્રી આપી હતી.

રોજગારી વિનીમય કચેરીના અધિકારી એસ.ઓ. અમીને પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ હતું. વિકલાંગોને નજીક રોજગારી મળે અને બેકાર ન રહે તેવા પ્રયાસો છે. ઔદ્યોગિક એકમો પણ વિકલાંગોને રોજગારી આપી માનવીય અભિગમનું કાર્ય કરવાના છે.

સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, નિયામકશ્રી, આચાર્યશ્રી, સંસ્થાના પરિવારના સભ્યો હાજરીને વિકલાંગભાઈ બહેનો જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર સંચાલન રોજગાર વિનિય અધિકારીશ્રી રાવલે કર્યું હતું.

ભાજપાનું સંપર્ક અભિયાન ૨૫ ઓગષ્ટથી ૧૫ સપ્ટેમ્બર સુધી શહેરોમાં ફરશે

અમદાવાદ, તા. ૨૧

ભાજપાના પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ભાજપાની તમામ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ એટલે કે શહેરી વિસ્તારોમાં ૨૫ ઓગષ્ટથી ૧૫ સપ્ટેમ્બર સુધી 'સંપૂર્ક અભિયાન' યોજવામાં આવશે.

તેઓએ જણાવ્યું છે કે, આ 'સંપર્કઅભિયાન' અન્વયે ભાજપાના સંગઠનના અને ચૂંટાયેલા પદાધિકારીઓ બુથોમાં જશે અને પત્રિકા વિતરણ, કોંગ્રેસના જુઠ્ઠાણાનો પત્રિકાઓ દ્વારા જવાબ આપવાનું, સેવા વસ્તીનો સંપર્ક કરવાનું, વિવિધ સમાજોનાં આગેવાનોનો સંપર્ક કરવાનું કાર્ય કરશે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે, ગુજરાતની ભાજપાની મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત સરકારના પ્રજા વિકાસલક્ષી કાર્યો પ્રજાની વચ્ચે લઈ જવામાં આવશે.

તેઓએ અંતમાં જણાવ્યું છે કે, ગુજરાતને કેન્દ્રની કોંગ્રેસ સરકાર દ્વારા કરવામાં આવતા અન્યાયોની બાબતો પણ જન-જન વચ્ચે લઈ જઈને લોકોને જાગૃત કરાશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૭
સૂર્યાસ્ત : ૭.૧૨

તાપમાન

મહત્તમ : ૩૪.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૬૨ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
એક થા ટાઈગર : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
એક થા ટાઈગર : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૧.૦૦, ૨.૦૦, ૭.૩૦, ૧૦.૧૫
ગેંગ ઓફ વાસેપુર -૨ : ૪.૩૦

: સ્ક્રીન-૩ :
એક થા ટાઈગર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦

: સ્ક્રીન-૪ :
એક થા ટાઈગર : ૮.૦૦, ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

એક થા ટાઈગર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ચુંદડીને સથવારે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ધાર્મિક

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧, ખાતે હિંડોળામાં ફુલફાગનો હિંડોળા અને શૃંગારમાં ચાંદીના પલના.
- શ્રી રામજી મંદિર વાવોલ દ્વારા અધિક પુરૂષોતમ માસ નિમિતે પ.પૂ. મહંત મધુસુદન બાપુના વ્યાસપીઠેથી અધિક પુરૂષોતમ માસની કથા તથા શ્રી કૃષ્ણ કથા બપોરે ૩.૩૦ કલાકે.
- શ્રી શિવશક્તિ મંદિર, સેકટર-૨૩ ખાતે પ્રજ્ઞા પુત્રી પ્રફુલ્લાબેન ઠક્કર દ્વારા પ્રજ્ઞા પુરાણ કથા બપોરે ૨.૩૦ કલાકે.

આપની આજ

મેષ : આર્થિક ક્ષેત્રોમાં આપને ભાગ્યવર્ધક પ્રવૃત્તિઓનો યોગ બની રહ્યો છે. જે તમને આવકમાં વૃદ્ધિ કરાવશે. શોધ વગેરે દ્વારા સફળતા પ્રાપ્ત થઈ શકશે.

વૃષભ : લગ્નવાંચ્છુક યુવક-યુવતીઓ માટે મન પસંદ પાત્રની પસંદગી થઈ શકશે. જીવનસાથીથી તનાવ ન રાખવો જોઈએ. કૌટુંબિક જીવનમાં વ્યર્થનાં મતભેદોથી દૂર રહેવું. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

મિથુન : કર્મક્ષેત્રમાં વિસ્તાર સંબંધી કાર્યો માટે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. નવા વ્યાપારિક ક્ષેત્રોમાં રુચિ વધશે. નોકરી -વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

કર્ક : શોધથી કાર્યક્ષેત્રમાં પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. ધર્મ આધ્યાત્મ સંબંધી રુચિ જાગૃત થઈ શકે છે. વ્યાપારિક ભાગીદારીમાં ચિંતન અથવા પુરનવિચારનો યોગ બની રહ્યો છે જે તમારા જીવનમાં બદલાવ લાવશે.

સિંહ : સારા સંબંધોને કારણે ઉન્નતિનો માર્ગ મોકળો બનતો જણાય. યાત્રા અને મનોવિનોદમાં સમય વધુ પસાર થવાની સંભાવના છે. કૌટુંબિક ગૂંચવણો દૂર થવાની મનને શાંતિ પ્રાપ્ત થઈ શકશે.

કન્યા : આકસ્મિક ખર્ચ વધવાની સંભાવના છે. ઝગડાથી માનસિક કષ્ટમાં વધારો થઈ શકે છે. કોઈપણ બાબત જાણ્યા વિના શંકા ન કરવી. વેપાર-ધંધા પર ધ્યાન આપવું. કૌટુંબિક સ્થિતિ સંતોષ અપાવશે.

તુલા : કોઈ પણ કાર્ય સિધ્ધિ માટે પ્રયત્ન અતિ આવશ્યક છે. કાર્યની ગતિ ઉત્તમ રહેશે. ધન - સંપત્તિનાં મામલાઓનો ઉકલે આજે આવી શકે છે. સંત સમાગમ થવાની શકયતા છે. કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થઈ શકશે.

વૃશ્ચિક : આપના ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ થવાની સંભાવના છે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. તમારા આચરણની લોકો પ્રશંસા કરશે, નવા સંબંધ બની શકે છે.

ધન : જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થઈ શકશે. તત્સંબંધમાં બહારના ક્ષેત્રોથી મદદ મળવાની શકયતાઓ રહેલી છે. વરિષ્ઠ સામાજિક- રાજકીય વ્યક્તિઓથી વિવાદ ઉભો ન થાય તેની તકેદારી રાખવી.

મકર : આપની સફળતાનું મૂળ મંત્ર કોઈ પણ કાર્યને અશકય ન સમજવી છે. પરિચય ક્ષેત્રનો વિસ્તાર વધશે. નવીન પ્રવૃત્તિઓ લાભકારી બની રહેશે. જમીન- મકાનની ખરીદી વેચાણ થઈ શકે છે.

કુંભ : નવા સંબંધો બંધાશે. ધાર્મિક સત્સંગ થવાની સંભાવના છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવી શકે છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

મીન : આપને વ્યાપાર- વ્યવસાયમાં નવા પ્રસ્તાવો મળી શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આવતું જણાય. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની પૂરી શકયતાઓ છે.

ચિરવિદાય

- સ્વ. લુબારામ મૂળાજી પ્રજાપતિ (ઉ.વ. ૩૦) મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. અજમલભાઈ સખાભાઈ મકવાણા (ઉ.વ. ૪૫) બ્લોક નં. ૫૧/૧૨, 'જ' ટાઈપ, સેકટર-૭, ગાંધીનગર.
- સ્વ. વિષ્ણુભા મહેન્દ્રસિંહ વાઘેલા (ઉ.વ. ૪૨) બ્લોક નં. ૫૭૮/૧, સેકટર-૫/બી, ગાંધીનગર.